# સુરેન્દ્રનગર જિલ્લો સાફલ્યગાથા

સુરેન્દ્રનગર જીલ્લા પોલીસ અધીક્ષક શ્રી આર.એફ.સંગાડા સાહેબની સુચનાનુસાર પોલીસ ઈન્સપેકટર શ્રી બી.બી.ભગોરા એલ.સી.બી. નાઓના માર્ગદર્શન હેઠળ સ્ટાફના પો.સબ ઈન્સ. શ્રી એ.ડી.ચાવડા તથા પો.હેડ કોન્સ. દીગુભા ઝાલા, પો.હેડ કોન્સ. હિતેન્દ્રસિંહ ચુડાસમા, એન.ડી.ચુડાસમા, પો.હેડ કોન્સ. ડાયાલાલ પટેલ, ભરતસિંહ મસાણી, રવિભાઈ ભરવાડ, નિકુલસિંહ પરમાર, ભગીરથસિંહ ઝાલા, તથા દિલીપભાઈ ઠાકોર, તેમજ રવિન્દ્રસિંહ ડોડીયા વિગેરે સ્ટાફના માણસો સાયલા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પો.હેડ કોન્સ. દીગુભા ઝાલા નાઓને બાતમી મળેલ કે, જેરામભાઈ છગનભાઈ ત.કોળી રહે. મોટાભડલા તા.સાયલા જી.સુરેન્દ્રનગર વાળો પોતાના મકાને ગેરકાયદેસર રીતે દેશી હાથ બનાવટના હથિયારો બનાવી ગેરકાયદેસર વેચાણ કરે છે. આ હકીકત આધારે મજકુરને ત્યાં પંચો સાથે રેઈડ કરી દેશી હાથ બનાવટની મજરલોડ બંદુકો નંગ-૧૦ કી.રૂા.૨૨,૫૦૦/- તથા એક દેશી હાથ બનાવટની રીવોલ્વર કી.રૂા.૧૦,૦૦૦/- તથા હથિયાર બનાવવાના સાધનો કી.રૂા.૩,૦૦૦/- મળી કુલ રૂા.૩૫,૫૦૦/- ના મુદામાલ સાથે મજકુર ઈસમ જેરામભાઈ છગનભાઈ મેર જાતે ત.કોળી ઉ.વ.૫૬ રહે.મોટાભડલા તા.સાયલા વાળાને મુદામાલ સાથે પકડી પાડી મજકુરની પુછપરછ કરતા સાયલા તાલુકાના ગામડાઓમાં આ પકડાયેલ હથિયારો સિવાય સાતેક હથિયારો પોતે વેચેલાનું જણાવેલ. આ ઈસમ વિરૂધ્ધ સાયલા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવી સારી કામગીરી કરવામાં આવેલ છે.

